સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 52**

(19/12/21 to 25/12/21)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


# PSI-ASI-કોન્સ્ટેબલ

મેરીટમાં સ્થાન મેળવવા માટેનું એકમાત્ર વનલાઇનર પુસ્તક

**9,000 થી વધુ પ્રશ્ન-જવાબ**

- અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન-જવાબ
- 6 મહિનાનું કરંટ અફેર્સ
- આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો



www.iceonline.in

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**19 DEC-2021**

- દિવસ મહિમા : 19 ડિસેમ્બર, ગોવા મુક્તિ દિન ........ 02
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભૂટાનના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા ........ 02
- 'તમિલ થાઈ વાઝ્થુ'ને તમિલનાડુના રાજ્ય ગીત તરીકે જાહેર કરવામાં આવ્યુ ........ 03
- QUESTION ANSWERS ........ 04

**20 DEC-2021**

- દિવસ મહિમા : 20 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ ........ 05
- અગ્નિ પ્રાઈમ મિસાઈલ (Agni-P) ........ 05
- કિદામ્બી શ્રીકાંતે BWF વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો ........ 07
- QUESTION ANSWERS ........ 08

**21 DEC-2021**

- ચૂંટણી કાયદા (સુધારા) બિલ, 2021 ........ 09
- નિયંત્રિત એરિયલ ડિલિવરી સિસ્ટમ ........ 10
- QUESTION ANSWERS ........ 12

**22 DEC-2021**

- દિવસ મહિમા : 22 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગણિત દિવસ ........ 13
- શ્રી અરવિંદ ઘોષ (Sri Aurobindo Ghose) ........ 13
- ચિલ્લાઈ કલાન (Chillai Kalan) ........ 15
- QUESTION ANSWERS ........ 16

**23 DEC-2021**

- દિવસ મહિમા : 23 ડિસેમ્બર, કિસાન દિવસ ........ 17
- પ્રલય મિસાઈલ (Pralay Missile) ........ 19
- રમના કાલી મંદિર : બાંગ્લાદેશ ........ 20
- દિલ્હીમાં પ્રથમ શિક્ષક યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે ........ 21
- QUESTION ANSWERS ........ 22

**24 DEC-2021**

- દિવસ મહિમા : 24 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન (National Consumer Day) ........ 23
- કાર્ડ-ઓન-ફાઈલ ટોકનાઈઝેશન (COF) ........ 23
- QUESTION ANSWERS ........ 25

**25 DEC-2021**

- દિવસ મહિમા : 25 ડિસેમ્બર, સુશાસન દિવસ (Good Governance Day) ........ 26
- સુશાસન સપ્તાહ 2021 (Good Governance Week) ........ 28
- QUESTION ANSWERS ........ 29

**ONE LINER** ........ 30

**QUESTION OF THIS WEEK** ........ 34



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 ડિસેમ્બર, ગોવા મુક્તિ દિન

ભારતમાં દર વર્ષે 19 ડિસેમ્બર, 'ગોવા મુક્તિ દિન' તરીકે ઉજવાય છે.

- 19 ડિસેમ્બર, 1961ના રોજ ગોવા પોર્ટુગલ પાસેથી મુક્ત થયું હતું.
- 19 ડિસેમ્બર, 1961ના રોજ ભારતીય આર્મીએ 'ઓપરેશન વિજય' કોડ નેઈમથી એક સૈન્ય ઓપરેશન હાથ ધરીને ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરાવ્યા હતા.
- આથી, દર વર્ષે 19 ડિસેમ્બર 'ગોવા મુક્તિ દિન' તરીકે ઉજવાય છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભૂટાનના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભૂટાનનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો' (Order of the Druk Gyalpo)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- 'ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો'ને 'નગદગ પેલ જી ખોર્લો' (Ngadag Pel gi khorlo) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભૂટાનના 114માં રાષ્ટ્રીય દિવસના અવસરે આ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી હતી.
- ભૂટાનનો રાષ્ટ્રીય દિવસ 17 ડિસેમ્બરે ઉજવવામાં આવે છે.
- 'ધ ઓર્ડર ઓફ ધ ડ્રેગન કિંગ' (ડ્રુક ગ્યાલપો)ની સ્થાપના 7 નવેમ્બર, 2008ના રોજ કરવામાં આવી હતી. જે ભૂટાનના લોકો અને સામ્રાજ્યની સેવાની માન્યતામાં આપવામાં આવે છે.
- આ સન્માન બે કેટેગરીમાં આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને એનાયત થયેલા અન્ય આંતરરાષ્ટ્રીય એવોર્ડ

| ક્રમ | એવોર્ડનું નામ | વર્ષ | કોના દ્વારા |
|---|---|---|---|
| 1 | ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો (અથવા નગદગ પેલ જી ખોર્લો) | 2021 | ભૂટાન |
| 2 | લિજન ઓફ મેરિટ | 2020 | અમેરિકા |
| 3 | ગ્લોબલ ગોલકીપર એવોર્ડ | 2019 | બીલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન |
| 4 | ધ કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા | 2019 | બહેરિન |
| 5 | ઓર્ડર ઓફ ઝાયેદ | 2019 | UAE |
| 6 | ફિલિપ કોટલર પુરસ્કાર | 2019 | વર્લ્ડ માર્કેટિંગ સમિટ |
| 7 | ઓર્ડર ઓફ સેન્ટર એન્ડ્રયુ ધ એપોસ્ટલ | 2019 | રશિયા |
| 8 | ઓર્ડર ઓફ ધ ડિસ્ટિંગ્યુશ્ડ રૂલ ઓફ ઈઝઝુદીન | 2019 | માલદિવ |
| 9 | સીયોલ શાંતિ પુરસ્કાર | 2018 | દક્ષિણ કોરિયા |
| 10 | ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ પુરસ્કાર | 2018 | યુનાઈટેડ નેશન્સ |
| 11 | ગ્રાન્ડ કોલર પુરસ્કાર | 2018 | પેલેસ્ટાઈન |
| 12 | અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર | 2016 | અફઘાનિસ્તાન |
| 13 | કિંગ અબ્દુલ અઝિઝ સૈશ પુરસ્કાર | 2016 | સાઉદી અરેબિયા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 'તમિલ થાઈ વાઝથુ'ને તમિલનાડુના રાજ્ય ગીત તરીકે જાહેર કરવામાં આવ્યું

તમિલનાડુ સરકારે તાજેતરમાં 'તમિલ થાઈ વાઝથુ' (Tamil Thai Vaazthu)ને તમિલનાડુ રાજ્યના રાજ્યગીત તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

- તમિલ થાઈ વાઝથુ એ તમિલ માતાની પ્રશંસામાં ગવાયેલું પ્રાર્થના ગીત છે. જેના લેખક શ્રી મનોનમનેયમ સુંદરનાર છે.
- તે 55 સેકન્ડનું ગીત છે અને તમામ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને સમાન જાહેર કાર્યક્રમોમાં કાર્યક્રમોની શરૂઆતમાં રાષ્ટ્રગીતની તર્જ પર ગાવામાં આવે છે.
- તમિલનાડુ રાજ્ય સરકારે આ નિર્ણય મદ્રાસ હાઈકોર્ટના તાજેતરના અવલોકન પછી કરવામાં આવ્યો છે.
- એક કેસમાં કોર્ટે કહ્યું હતું કે તમિલ થાઈ વાઝથુ એ માત્ર પ્રાર્થના ગીત છે. અને જણાવ્યું હતું કે સાર્વજનિક કાર્યક્રમોમાં હાજર રહેલા લોકોએ ગીત દરમિયાન ઊભા રહેવાની આવશ્યકતા માટે કોઈ વહીવટી આદેશ નથી.
- કારણ કે આ વર્ષે IIT મદ્રાસે તેના વાર્ષિક દીક્ષાંત સમારોહમાં આ ગીતનું પ્રસારણ ન કર્યું હતું ત્યારે આ મુદ્દો હેડલાઈન્સ બન્યો હતો.

1. ભારતમાં દર વર્ષે 'ગોવા મુક્તિ દિન' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 ડિસેમ્બર (B) 19 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર (B)

2. ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરવા માટે ભારતીય સેના દ્વારા 1961માં કયું સૈન્ય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?

(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન પ્રહાર

(C) ઓપરેશન બુદ્ધા (D) ઓપરેશન રાજતિલક (A)

3. ગોવા, દમણ અને દીવ પોર્ટુગીઝોના શાસનમાંથી ક્યારે મુક્ત થયા હતા ?

(A) 19 માર્ચ, 1961 (B) 19 એપ્રિલ, 1961

(C) 19 જૂન, 1961 (D) 19 ડિસેમ્બર, 1961 (D)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને કયા દેશે તેમના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો' (Order of the Druk Gyalpo) (અથવા નગદગ પેલ જી ખોર્લો)થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) નેપાળ (B) ભૂટાન (C) મ્યાનમાર (D) માલદીવ (B)

5. તાજેતરમાં કયા પ્રાર્થના ગીતને તમિલનાડુના રાજ્ય ગીત તરીકે જાહેર કરવામાં આવ્યું છે ?

(A) તમિલ થાઈ વાઝથુ (B) મા તેલગુ થલ્લીકી

(C) મેરા તમિલનાડુ (D) તમિલનાડુ દેવભૂમિ માતૃભૂમિ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 20 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ (International Human Solidarity Day)

સમગ્ર વિશ્વમાં 20 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દિવસની ઉજવણી માટે **22 ડિસેમ્બર, 2005**ના રોજ ઠરાવ પસાર કર્યો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ગરીબી નાબૂદ કરવાનો, રોગોથી મુક્ત કરવા અને વિવિધતામાં એકતાનું મહત્ત્વ સમજાવવાનો છે.

## અગ્નિ પ્રાઈમ મિસાઈલ (Agni-P)

તાજેતરમાં **DRDO**એ નવી પેઢીની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ પ્રાઈમ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.

- ઓડિશાના બાલાસોર ખાતે આવેલા ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ (જૂનું નામ : વ્હીલર આઈલેન્ડ) પરથી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- અગ્નિ પ્રાઈમ મિસાઈલનું આ બીજું પરીક્ષણ છે. પ્રથમ પરીક્ષણ **જૂન, 2021**માં કરવામાં આવ્યું હતું.
- અગ્નિ પ્રાઈમ મિસાઈલને ટૂંકમાં **'Agni-P'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### અગ્નિ પ્રાઈમ મિસાઈલ વિશે

અગ્નિ–પી એ ડ્યુઅલ નેવિગેશન અને ગાઈડન્સ સિસ્ટમ સાથે બે તબક્કાની કેનિસ્ટર્ડ સોલિડ પ્રોપેલન્ટ મિસાઈલ છે.

- અગ્નિ પ્રાઈમ એ 'ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ'(IGMDP) હેઠળ અગ્નિ વર્ગની નવી પેઢીનું અપગ્રેડ કરેલું સંસ્કરણ છે.
- તે 'કેનિસ્ટર બેઝ્ડ સિસ્ટમ'ની મિસાઈલ છે. તથા તેમાં અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમ સહિતની ઘણી અદ્યતન તકનીકીઓ છે.
- સપાટીથી સપાટી પર પ્રહાર કરનાર આ બેલિસ્ટિક મિસાઈલની પ્રહાર ક્ષમતા **1000થી 2000 કિલોમીટર**ની છે.

નોંધ : (1) 'કેનિસ્ટર બેઝ્ડ લોન્ચ સિસ્ટમ' પરિવહન માટેના કન્ટેનર તરીકે કાર્ય કરે છે.

(2) કેનિસ્ટર બેઝ્ડ સિસ્ટમ મિસાઈલને લોન્ચ કરવા માટે આવશ્યક સમયને ઘટાડે છે અને તેના સંગ્રહ અને ગતિશિલતામાં સુધારો કરે છે.

## અન્ય અગ્નિ મિસાઈલની પ્રહાર ક્ષમતા

| ક્રમ | મિસાઈલ | પ્રહાર ક્ષમતા |
|---|---|---|
| 1 | અગ્નિ-I | 700થી 800 કિ.મી. |
| 2 | અગ્નિ-II | 2000 કિ.મી. |
| 3 | અગ્નિ-III | 2500 કિ.મી. |
| 4 | અગ્નિ-IV | 3500 કિ.મી. |
| 5 | અગ્નિ-V | 5000 કિ.મી. |

## ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

<u>ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ</u> (IGMDP) ની સ્થાપનાનો વિચાર પ્રખ્યાત વૈજ્ઞાનિક <u>ડો. એ. પી. જે. અબ્દુલ કલામે</u> આપ્યો હતો.

- તેનો ઉદ્દેશ મિસાઈલ ટેકનોલોજી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો હતો.
- તેને વર્ષ **<u>1983</u>**માં ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું અને માર્ચ 2012માં પૂર્ણ થયું હતું.
- આ પ્રોગ્રામ હેઠળ વિકસિત <u>5 મિસાઈલો</u> છે. જે નીચે કોષ્ટકમાં આપવામાં આવી છે :

| ક્રમ | મિસાઈલ | વિશેષતા |
|---|---|---|
| 1 | પૃથ્વી | સપાટીથી સપાટી પર પ્રહાર કરનાર ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે. |
| 2 | અગ્નિ | તે સપાટીથી સપાટી પર પ્રહાર કરવા સક્ષમ મધ્યમ રેન્જની બેલિસ્ટિક મિસાઈલ છે. (એટલે કે અગ્નિ 1, 2, 3, 4, 5) |
| 3 | ત્રિશુલ | સપાટીથી હવામાં પ્રહાર કરતી ટૂંકા અંતરની મિસાઈલ છે. |
| 4 | નાગ | તે ત્રીજી પેઢીની એન્ટિ ટેન્ક મિસાઈલ છે. |
| 5 | આકાશ | તે સપાટીથી આકાશમાં પ્રહાર કરનાર મધ્યમ રેન્જવાળી મિસાઈલ છે. |

- IGMDP પ્રોગ્રામ હેઠળની મિસાઈલ એટલે કે ઉપરોક્ત કોષ્ટકમાં આપેલ મિસાઈલને યાદ રાખવાનું સુત્ર : **P-A-T-N-A**


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કિદામ્બી શ્રીકાંતે BWF વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો



ભારતીય શટલર <u>શ્રી કિદામ્બી શ્રીકાંતે</u> તાજેતરમાં <u>**BWF** વર્લ્ડ ચેમ્પિયનશિપ</u>માં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

- આમ તે BWF વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનાર <u>પ્રથમ ભારતીય</u> બન્યા છે.
- ફાઈનલ મેચમાં તેમનો સિંગાપોરના લોહ કીન યૂ સામે 21 - 15, 22-10થી પરાજય થયો હતો.
- શ્રી કિદામ્બી શ્રીકાંત ભારતીય બેડમિન્ટન ખેલાડી છે.



1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 ડિસેમ્બર (B) 19 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર **(C)**

2. તાજેતરમાં DRDOએ નવી પેઢીની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ પ્રાઈમ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. અગ્નિ પ્રાઈમ એ 'ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (IGMDP) હેઠળ અગ્નિ વર્ગની નવી પેઢીનું અપગ્રેડ કરેલું સંસ્કરણ છે.
2. અગ્નિ પ્રાઈમ અથવા અગ્નિ–પી એ ડ્યુઅલ નેવિગેશન અને ગાઈડન્સ સિસ્ટમ સાથે બે તબક્કાની સોલિડ પ્રોપેલન્ટ મિસાઈલ છે.
3. આ મિસાઈલની પ્રહાર ક્ષમતા 6000થી 7000 કિ.મી.ની છે.
4. તે કેનિસ્ટર બેઝ્ડ સિસ્ટમની મિસાઈલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

3. ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP) હેઠળ વિકસિત 5 મિસાઈલમાં નીચેના પૈકી કઈ મિસાઈલનો સમાવેશ થતો નથી ?

(A) પૃથ્વી (B) અગ્નિ (C) ધ્વનિ (D) નાગ **(C)**

4. તાજેતરમાં સમાચારમાં રહેલ શ્રી કિદામ્બી શ્રીકાંત કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ટેનિસ (B) બેડમિન્ટન (C) ક્રિકેટ (D) કબડ્ડી **(B)**

5. તાજેતરમાં કઈ ભારતીય શટલરે BWF વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો છે ?

(A) શ્રી કિદમ્બી શ્રીકાંત (B) શ્રી પ્રકાશ પાદુકોણ

(C) શ્રી પી. કશ્યમ (D) શ્રી બી. આઈ. પ્રણિત **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચૂંટણી કાયદા (સુધારા) બિલ, 2021

તાજેતરમાં 'ચૂંટણી કાયદા (સુધારા) બિલ, 2021' લોકસભામાંથી પસાર કરવામાં આવ્યું હતું.

- આ બિલમાં મતદાર યાદી ડેટા અને મતદાર ID કાર્ડ (Voter ID Card)ને આધાર નંબર સાથે જોડવાની જોગવાઈ કરવામાં આવી છે.
- જોકે, વિપક્ષી સભ્યોએ આ બિલ સામે અનેક વાંધા ઉઠાવ્યા છે.

### બિલની મુખ્ય વિશેષતાઓ

#### મતદારયાદીનું 'ડી-ડુપ્લિકેશન' :

- તે મતદાર યાદીના ડેટાને આધાર સિસ્ટમ સાથે લિંક કરવા માટે 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950'ની કલમ 23માં સુધારાની જોગવાઈ કરે છે.
- મતદાર યાદીનું ડી–ડુપ્લિકેશન એટલે કે એક કરતા વધુ નામાંકનને નાબૂદ કરવાની ખાતરી કરવા માંગે છે.
- તેનો ઉદ્દેશ્ય વિવિધ સ્થળોએ એક જ વ્યક્તિની બહુવિધ નોંધણીને રોકવાનો છે.
- તેનાથી બોગસ વોટિંગ અને બોગસ વોટ રોકવામાં મદદ મળશે.
- તે લિંકિંગ વિભાગને લગતી વ્યક્તિગત, જાહેર ફરિયાદો અને કાયદા તથા ન્યાય અંગેની સંસદીય સ્થાયી સમિતિના 105માં અહેવાલને અનુરૂપ છે.

#### બહુવિધ લાયકાતની તારીખ :

- નાગરિકોને 18 વર્ષની ઉંમરે મત આપવાનો અધિકાર મળે છે.
- જોકે ઘણા લોકો 18 વર્ષની ઉંમર પછી પણ મતદાર યાદીમાંથી બહાર રહે છે. તેનું કારણ એ છે કે 1 જાન્યુઆરી એ ક્વોલિફાઈંગ તારીખ તરીકે ગણવામાં આવે છે.
- બિલ અનુસાર મતદાર યાદીઓ અપડેટ કરવા માટે ચાર લાયકાતની તારીખો જાહેર કરવામાં આવશે.
- જેમાં જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબર મહિનાના પ્રથમ દિવસે 18 વર્ષના થયા હોય તેવા લોકોના સમાવેશ થાય છે.

#### લૈંગિક (જાતીય) તટસ્થા લાવવી :

- 'સેવા મતદારો પત્નીઓ'ની નોંધણીની ભાષા હવે 'જીવન સાથી' સાથે બદલવામાં આવશે.
- જે આ કાયદાને વધુ 'લિંગ તટસ્થ' બનાવશે.
- સેવા મતદારો તે છે જેઓ સશસ્ત્ર દળોમાં સેવા આપતા હોય અથવા તેની બહાર રાજ્યના સશસ્ત્ર પોલીસ દળોમાં સેવા આપતા હોય અથવા ભારતની બહાર પોસ્ટ કરાયેલા સરકારી સેવક હોય.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) વર્ષ 2015માં સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી મતદાર IDને આધાર સાથે લિંક કરવાનું પગલું સ્થગિત કરવામાં આવ્યું હતું.

(2) તે સમયે એવું માનવામાં આવ્યું હતું કે 'આધાર કાર્ડ યોજના સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે.'

(3) વધુમાં આધારનો અર્થ માત્ર એટલો જ હતો કે તે રહેઠાણનો પુરાવો છે, નાગરિકતાનો નહીં.

## નિયંત્રિત એરિયલ ડિલિવરી સિસ્ટમ

તાજેતરમાં **ADRDE** એ 500 કિગ્રા ક્ષમતાની નિયંત્રિત એરિયલ ડિલિવરી સિસ્ટમ(**Controlled Aerial Delivery system-CADS**)નું હવાઈ પ્રદર્શન કર્યું હતું.

- આ હવાઈ પ્રદર્શન એ આઝાદીના 75 વર્ષની યાદીગીરીમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવવા માટે આયોજિત પ્રવૃત્તિઓની શ્રેણીનો એક ભાગ છે.
- CADS-500નો ઉપયોગ રેમ એર પેરાશૂટ **(RAM Air Parachut-Rap)**ની યુદ્ધાભ્યાસ/દાવપેચનો ઉપયોગ કરીને પૂર્વનિર્ધારિત સ્થળે 500 કિગ્રા સુધીના પેલોડ્સની ચોક્કસ ડિલિવરી માટે થાય છે.
- તે ઉડાન દરમિયાન તમામ જરૂરી માહિતી માટે કોઓર્ડિનેટ્સ, ઊંચાઈ અને હેડિંગ સેન્સરમાં ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમનો ઉપયોગ કરે છે.
- CADS તેના ઓનબોર્ડ ઈલેક્ટ્રોનિક્સ યુનિટ સાથે ઓપરેટિંગ કંટ્રોલ સિસ્ટમ દ્વારા નિર્ધારિત લક્ષ્ય સાઈટ તરફ વેપોઈન્ટ નેવિગેશનનો ઉપયોગ કરીને સ્વાયત્ત રીતે તેના ફ્લાઈટ પથનું સંચાલન કરે છે.

### પોઝિશનિંગ સિસ્ટમ

પોઝિશનિંગ સિસ્ટમ એ વ્યક્તિ અથવા વસ્તુનું સ્થાન નક્કી કરવા માટેનું સાધન છે.

- ચોક્કસ સ્થાન પ્રાપ્ત કરવા માટે ટેકનોલોજીને વૈશ્વિક કવરેજ અને ચોકસાઈની જરૂર પડે છે.
- ઉદાહરણ તરીકે : **Google Map** એ પોઝિશનિંગ અને નેવિગેશન સિસ્ટમમાંની એક છે જે વ્યક્તિઓને તેમનું ચોક્કસ સ્થાન તેમજ તેમના ગંતવ્યોનો માર્ગ શોધવામાં મદદ કરે છે.
- જોકે સિસ્ટમ માત્ર નેવિગેશન હેઠળના વિસ્તારનું સેટલાઈટ વ્યૂ આપે છે.

### ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS)

GPS એ સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમ છે જેનો ઉપયોગ કોઈ વસ્તુની, જમીનની સ્થિતિ નક્કી કરવા માટે થાય છે.


- તે અમેરિકાની માલિકીની છે જે વપરાશકર્તાઓને પોઝિશનિંગ, નેવિગેશન અને ટાઈમિંગ (PNT) સેવાઓ પ્રદાન કરે છે.
- તે 24 ઉપગ્રહોનું નેટવર્ક છે જે નાગરિક અને લશ્કરી વપરાશકર્તાઓને સેવા આપે છે.
- નાગરિક સેવા સતત, વિશ્વવ્યાપી ધોરણે અને તમામ વપરાશકર્તાઓ માટે મુક્તપણે ઉપલબ્ધ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ADRDE

ADRDE નું પૂરું નામ **'Aerial Delivery Research and Development Establishment'** છે.

- તે **DRDO**ની સંશોધન અને વિકાસ પ્રયોગશાળા છે.
- તે પેરાટૂપર પેરાશૂટ સિસ્ટમ, એરક્રુ, પેરાશૂટ સિસ્ટમ, બ્રેક પેરાશૂટ, રિકવરી પેરાશૂટ સિસ્ટમ, એરિયલ ડિલિવરી પેરાશૂટ સિસ્ટમ, હેવી ડ્રોપ સિસ્ટમ, ઈન્ફ્લેટેબલ સિસ્ટમ, એરશિપ ટેકનોલોજી અને એરક્રાફ્ટ એરેસ્ટર બેરિયર સિસ્ટમના વિકાસમાં સામેલ છે.



**1.** તાજેતરમાં 'ચૂંટણી કાયદા (સુધારા) બિલ, 2021' લોકસભામાંથી પસાર કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ અંતર્ગત મતદાર યાદીનું ડી ડુપ્લિકેશન એટલે કે મતદાર યાદીના ડેટાને આધાર સાથે લિંક કરવા માટે 'જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950'ની કલમ 23માં સુધારાની જોગવાઈ કરે છે.
2. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ સ્થળોએ એક જ વ્યક્તિની બહુવિધ નોંધણીને રોકવાનો છે.
3. આ બિલ અનુસાર મતદારયાદીઓ અપડેટ કરવા માટે ચાર લાયકાતની તારીખો જાહેર કરવામાં આવશે.
4. આ બિલ અનુસાર 'સેવા મતદારો પત્નિઓ'ની નોંધણીની ભાષા હવે 'જીવન સાથી' સાથે બદલવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 3 અને 4 **(A)**

---

**2.** તાજેતરમાં ADRDE એ .......... કિગ્રા. ક્ષમતાની નિયંત્રિત એરિયલ ડિલિવરી સિસ્ટમનું હવાઈ પ્રદર્શન કર્યુ હતું.

(A) 100 (B) 200 (C) 400 (D) 500 **(D)**

---

**3.** તાજેતરમાં ADRDE (Aerial Delivery Research and Development Establishment) એ 500 કિગ્રા ક્ષમતાની નિયંત્રિત એરિયલ ડિલિવરી સિસ્ટમ(CADS-500)નું હવાઈ પ્રદર્શન કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ હવાઈ પ્રદર્શન એ 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો એક ભાગ છે.
2. CADS-500નો ઉપયોગ Ram Air Parachutની યુદ્ધાભ્યાસનો ઉપયોગ કરીને પૂર્વનિર્ધારિત સ્થળે 500 કિગ્રા સુધીના પેલોડ્સની ચોક્કસ ડિલિવરી માટે થાય છે.
3. તે ઉડાન દરમિયાન તમામ જરૂરી માહિતી માટે કો ઓર્ડિનેટસ, ઊંચાઈ અને હેડિંગ સેન્સરમાં ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમનો ઉપયોગ કરે છે.
4. આ સિસ્ટમ ADRDE એ ISROના 'New Air Craft Programm' હેઠળ વિકસિત કરી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 22 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગણિત દિવસ (National Mathamatics Day)

ભારતમાં દર વર્ષે 22 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.

- ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી એસ. રામાનુજનની યાદમાં તેમનો જન્મદિન ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી શ્રીનિવાસ રામાનુજનનો જન્મ 22 ડિસેમ્બર, 1887ના રોજ તમિલનાડુના ઈરોડ ખાતે થયો હતો.
- શ્રી એસ. રામાનુજનની 125મી જન્મજયંતિ નિમિત્તે વર્ષ 2012માં ભારતના તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહન સિંહે આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત વર્ષ 2012થી ભારતમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : (1) આ ઉપરાંત ડો. મનમોહન સિંહે કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2012થી ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે પણ ઉજવણી કરવામાં આવી હતી.


(2) 1729 એ હાર્ડી રામાનુજન નંબર છે. જ્યારે હાર્ડીએ હોસ્પિટલમાં શ્રી રામાનુજનની મુલાકાત લીધી ત્યારે શ્રી રામાનુજને હાર્ડીને કહ્યું કે 1729 એ સૌથી નાની સંખ્યા છે. જેને બે અલગ અલગ રીતે બે ક્યુબ તરીકે વ્યક્ત કરી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી અરવિંદ ઘોષ (Sri Aurobindo Ghose)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટ 2022ના રોજ શ્રી અરવિંદ ઘોષ (અથવા અરબિંદો ઘોષ)ની 150મી જન્મ જયંતિની ઉજવણી કરવા માટે 53 સભ્યોની સમિતિની રચના કરી છે.

- 15 ઓગસ્ટ, 2022ના રોજ શ્રી અરવિંદ ઘોષના જન્મના 150 વર્ષ પૂર્ણ થશે.
- શ્રી અરવિંદ ઘોષને બંગાળીમાં અરબિંદો ઘોષ તરીકે ઓળખવામાં આવે છે.



### શ્રી અરવિંદ ઘોષ

શ્રી અરવિંદ ઘોષનો જન્મ 15 ઓગસ્ટ, 1872ના રોજ કોલકાતા ખાતે થયો હતો.

- તેઓ યોગી, દ્રષ્ટા, ફિલસૂફ, કવિ અને ભારતીય રાષ્ટ્રવાદી હતા જેમણે આધ્યાત્મિક વિકાસ દ્વારા પૃથ્વી પર દિવ્ય જીવનની ફિલસૂફીનો પ્રસ્તાવ મૂકયો હતો.
- તેમનું શિક્ષણ દાર્જિલિંગની એક ક્રિશ્ચયન કોન્વેટ સ્કૂલમાં શરૂ થયું હતું.
- તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો હતો જ્યાં તેઓ બે શાસ્ત્રીય અને અનેક આધુનિક યુરોપિયન ભાષાઓમાં નિપુણ બન્યા હતા.
- તેમણે શાસ્ત્રીય સંસ્કૃત સહિત યોગ અને ભારતીય ભાષાઓનો અભ્યાસ કર્યો હતો.

- વર્ષ **1902થી 1910** સુધી તેમણે અંગ્રેજોથી ભારતને મુક્ત કરવાના સંઘર્ષમાં ભાગ લીધો હતો.
- તેમની રાજકીય પ્રવૃત્તિઓના પરિણામે વર્ષ 1908 (અલીપોર બોમ્બ કેસ)માં તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા.
- બે વર્ષ પછી તેઓ બ્રિટિશ ભારતમાંથી મુક્ત થઈ અને પુડુચેરીની ફ્રેન્ચ વસાહતમાં આશરો લીધો હતો.
- જ્યાં તેમણે પોતાનું આખું જીવન પરિપૂર્ણ અને આધ્યાત્મિક રીતે પરિવર્તનશીલ જીવનના ઉદ્દેશ્ય સાથે તેના અવિભાજ્ય યોગના વિકાસ માટે સમર્પિત કર્યુ હતું.
- પુડુચેરીમાં તેમણે આધ્યાત્મિક સાધકોના સમુદાયની સ્થાપના કરી, જેણે વર્ષ **1926**માં અરવિંદ આશ્રમ અથવા શ્રી અરવિંદો આશ્રમ તરીકે આકાર લીધો.
- શ્રી અરવિંદ ઘોષની મહત્વની સાહિત્યિક કૃતિઓ નીચે મુજબ છે :

(1) બંદે માતમ (Bande Mataram) (અથવા વંદે માતરમ) નામનું અંગ્રેજી અખબાર (1905માં)

(2) યોગનો આધાર

(3) ભગવદ ગીતા અને સંદેશ

(4) માણસનો ભાવિ વિકાસ

(5) પુનર્જન્મ અને કર્મ

(6) સાવિત્રી : એક દંતકથા અને પ્રતીક

નોંધ : (1) શ્રી અરવિંદ ઘોષે બરોડા (વડોદરા) અને કોલકાતામાં વિવિધ વહીવટી હોદ્દાઓ પર સેવા આપી હતી.

(2) ઈ.સ. 1905માં શ્રી અરવિંદ ઘોષ અને બારીન્દ્ર ઘોષ દ્વારા અનુશીલન સમિતિને બંગાળથી રાષ્ટ્રવ્યાપી બનાવવામાં આવી હતી.

(3) ઈ.સ. 1905માં શ્રી અરવિંદ ઘોષે 'ભવાની મંદિર' પુસ્તિકામાં ક્રાંતિની યોજના આલેખી હતી જેથી તેઓ ગુજરાતના સશસ્ત્ર ક્રાંતિના પ્રણેતા ગણાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ચિલ્લાઈ કલાન (Chillai Kalan)

કાશ્મીરમાં 40 દિવસના સૌથી કઠોર શિયાળાના સમયગાળાને 'ચિલ્લાઈ કલાન' તરીકે ઓળખવામાં આવે છે.

- આ સમયગાળો તાજેતરમાં શરૂ થયો છે.


### ચિલ્લાઈ કલાન વિશે

કાશ્મીરમાં દર વર્ષે 21મી ડિસેમ્બરથી 29મી જાન્યુઆરી સુધીનો આ સૌથી સખત શિયાળાનો સમયગાળો છે.

- 'ચિલ્લાઈ કલાન' એ એક ફારસી શબ્દ છે જેનો અર્થ થાય છે 'મહાન શિયાળો'
- ચિલ્લાઈ કલાન પછી 20 દિવસનો 'ચિલ્લાઈ ખુર્દ' (ટૂંકો શિયાળો) આવે છે જે 30થી 18 જાન્યુઆરી સુધી ચાલે છે અને ત્યારબાદ 10 દિવસનો ચિલ્લાઈ બચ્ચા (બેબી કોલ્ડ) સમયગાળો આવે છે જે 19 ફેબ્રુઆરીથી 28 ફેબ્રુઆરી સુધી હોય છે.
- આ 40 દિવસ દિવસનો સમયગાળો કાશ્મીરના લોકો માટે ઘણી મુશ્કેલીઓ લાવે છે કારણ કે આ સમયગાળા દરમિયાન તાપમાનમાં ભારે ઘટાડો જોવા મળે છે.
- જેના કારણે પ્રખ્યાત દાલ સરોવર સહિત જળાશયો થીજી જાય છે.
- આ 40 દિવસ દરમિયાન હિમવર્ષા થવાની સંભાવના હોય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

તર્કશક્તિ
REASONING
GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક




www.iceonline.in

1. ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 24 ડિસેમ્બર **(B)**

2. ભારતમાં કોનો જન્મ દિન 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી વરાહમિહિર (B) શ્રી એસ. રમણ મહર્ષિ

(C) શ્રી આર્યભટ્ટ (D) શ્રી એસ. રામાનુજન **(D)**

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટ, 2022ના રોજ..........ની જન્મજયંતિની ઉજવણી કરવા માટે 53 સભ્યોની સમિતિની રચના કરી છે.

(A) શ્રી એસ રામાનુજન (B) શ્રી અરવિંદ ઘોષ

(C) શ્રી લોકમાન્ય તિલક (D) શ્રી લાલા લજપતરાયજી **(B)**

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી અરવિંદ ઘોષ (Sri Aurobindo Ghose)ની વર્ષ 2022માં કેટલામી જન્મજયંતિની ઉજવણી માટે એક સમિતિની રચના કરી છે ?

(A) 150 મી (B) 125 મી (C) 175 મી (D) 100 મી **(A)**

5. નીચે આપેલ પૈકી કઈ સાહિત્યિક કૃતિ શ્રી અરવિંદ ઘોષની છે ?

(A) બંદે માતરમ (અથવા વંદે માતરમ) (B) યોગનો આધાર

(C) માણસનો ભાવિ વિકાસ (D) ઉપરોક્ત તમામ **(D)**

6. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ચિલ્લાઈ કલાન' (Chillai Kalan) શું છે ?

(A) ચીન દ્વારા કરવામાં આવેલું મિસાઈલ પરીક્ષણ (B) ફિલિપાઈન્સના દરિયાકિનારે ત્રાટકેલુ ચક્રવાત

(C) કાશ્મીરમાં 40 દિવસના કઠોર શિયાળાની શરૂઆત (D) અરૂણાચલ પ્રદેશનો એક સાંસ્કૃતિક ઉત્સવ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 ડિસેમ્બર, કિસાન દિવસ


ભારતમાં દર વર્ષે 23 ડિસેમ્બર 'રાષ્ટ્રીય કિસાન' દિન તરીકે ઉજવાય છે.

### ભારતમાં 23 ડિસેમ્બરના રોજ શા માટે કિસાન દિન ઉજવાય છે ?

ભારતમાં શ્રી ચૌધરી ચરણ સિંહની યાદમાં 'રાષ્ટ્રીય કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- શ્રી ચૌધરી ચરણ સિંહ 'કિસાનોના મસિહા' તરીકે પ્રસિદ્ધ છે.
- આથી, ખેડૂતોના કલ્યાણ માટે તેમણે કરેલા કાર્યોને બિરદાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ચૌધરી ચરણ સિંહનો જન્મ 23 ડિસેમ્બર, 1902ના રોજ ઉત્તરપ્રદેશના નૂરપુર ખાતે થયો હતો.
- આથી તેમનો જન્મદિન 23 ડિસેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય કિસાન દિન' તરીકે ઉજવાય છે.

### શ્રી ચૌધરી ચરણ સિંહ



શ્રી ચૌધરી ચરણ સિંહ 28 જુલાઈ 1979થી 14 જાન્યુઆરી, 1980 દરમિયાન જનતા પાર્ટી સરકારમાં ભારતના પાંચમા વડાપ્રધાન હતા.

- 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 દરમિયાન શ્રી મોરારજીભાઈ દેસાઈની જનતા પાર્ટી સરકારમાં તેઓ શ્રી જગજીવન રામ સાથે ભારતના ત્રીજા નાયબ વડાપ્રધાન હતા.
- તેમણે શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકારમાં ભારતના નાણાંમંત્રી તેમજ ગૃહ મંત્રી તરીકે પણ સેવા આપી છે.
- આ ઉપરાંત ઉત્તરપ્રદેશના પાંચમા મુખ્યમંત્રી તરીકે પણ તેમણે સેવા આપી હતી.

### શ્રી ચૌધરી ચરણ સિંહ દ્વારા થયેલા કિસાન હિતના કાર્યો

શ્રી ચૌધરી ચરણ સિંહના કારણે જ 1 જુલાઈ 1952ના રોજ ઉત્તરપ્રદેશમાં જમીનદારી પ્રથાનો અંત થયો હતો.

- કિસાનોના હિતમાં તેમણે 1954માં ઉત્તરપ્રદેશમાં 'જમીન સંરક્ષણ કાયદો' પસાર કરાવ્યો હતો.
- ભારતના નાણાંમંત્રી અને નાયબ વડાપ્રધાનની રૂએ ભારતમાં 'રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક' 'NABARD'ની સ્થાપનામાં પણ તેમની અગત્યની ભૂમિકા હતી.
- કિસાનોના કલ્યાણ માટે પોતાના વિચારો રજૂ કરતા અનેક પુસ્તકોનું પણ તેમણે સર્જન કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ચૌધરી ચરણ સિંહના પ્રસિદ્ધ પુસ્તકો

શ્રી ચૌધરી ચરણ સિંહના કેટલાક પ્રસિદ્ધ પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે :

(1) ઈન્ડિયાઝ ઈકોનોમિક પોલિસી–ધ ગાંધીયન બ્લુપ્રિન્ટ (1978)

(2) ઈકોનોમિક નાઈટમેર ઓફ ઈન્ડિયા : ઈટ્સ કોઝ એન્ડ કયોર (1981)

(3) જોઈન્ટ ફાર્મિંગ એકસ રે

(4) કો–ઓપરેટિવ ફાર્મિંગ એકસ રે

(5) અબોલિશન ઓફ જમીનદારી

(6) પીઝન્ટ પ્રોપરાઈટરશિપ ઓર લેન્ડ ટુ ધ વર્કર્સ

નોંધ : (1) દિલ્હી ખાતે આવેલું શ્રી ચૌધરી ચરણ સિંહનું સમાધિ સ્થળ 'કિસાન ઘાટ' તરીકે ઓળખાય છે.

(2) ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે આવેલું ઈન્ટરનેશનલ એરપોર્ટ ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરીકે ઓળખાય છે.

## NABARD

NABARDનું પૂરું નામ 'National Bank for Agriculture and Rural Development' છે.

- નાબાર્ડની સ્થાપના 12 જુલાઈ, 1982ના રોજ થઈ હતી. નાબાર્ડનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- નાબાર્ડ એ ભારતની સર્વોચ્ચ Development Financial Institution છે.
- ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ તથા અન્ય આર્થિક ગતિવિધિઓ માટે ઋણ ઉપલબ્ધ કરાવવા નીતિઓ ઘડવી તથા એ અંગે યોજનાઓ બનાવવી અને તેનું સંચાલન કરવું એ નાબાર્ડનું મુખ્ય કાર્ય છે.
- નાબાર્ડ એ Developmental Financial Institution (DFI)નું Status ધરાવતી ભારતની એકમાત્ર સંસ્થા છે.
- શ્રી બી. સિવરામન સમિતિની ભલામણને આધારે ભારતમાં નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- ભારતમાં 'નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એક્ટ 1981' લાગુ કરવા માટે સંસદના એક અધિનિયમ દ્વારા નાબાર્ડની સ્થાપના થઈ હતી. આથી, નાબાર્ડ એ ગેરસંવૈધાનિક – વૈધાનિક સંસ્થા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંવૈધાનિક, ગેરસંવૈધાનિક-કારોબારી અને ગેરસંવૈધાનિક-વૈધાનિક સંસ્થા વચ્ચેનો તફાવત

| ક્રમ | સંસ્થા | સમજૂતી |
|---|---|---|
| 1 | સંવૈધાનિક | બંધારણના કોઈ અનુચ્છેદ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 2 | ગેરસંવૈધાનિક–વૈધાનિક | સંસદના કોઈ અધિનિયમ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 3 | ગેરસંવૈધાનિક–કારોબારી | કેન્દ્ર સરકાર દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા કે જેના માટે કોઈ કાયદાની જરૂર નથી. |

## પ્રલય મિસાઈલ (Pralay Missile)

તાજેતરમાં **DRDO**એ એક નવી સ્વદેશી રીતે વિકસિત સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઈલ 'પ્રલય'નું પ્રથમ ઉડાન પરીક્ષણ સફળતાપૂર્વક કર્યુ હતું.

- ઓડિશાના બાલાસોર ખાતે આવેલા ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ (જૂનું નામ : વ્હીલર આઈલેન્ડ) પરથી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### પ્રલય મિસાઈલ વિશે

પ્રલય એ ભારતની પ્રથમ પરંપરાગત અર્ધ–બેલિસ્ટિક મિસાઈલ છે.

- તે ઉત્તર અથવા પશ્ચિમ સરહદોથી કોઈપણ પરંપરાગત મિસાઈલ હુમલાનો જવાબ આપવા સક્ષમ છે.
- અર્ધ–બેલિસ્ટિક મિસાઈલનો માર્ગ ટૂંકો હોય છે અને જો કે તે મોટાભાગે બેલિસ્ટિક મિસાઈલ જેવી જ હોય છે.
- તે ઉડાન દરમિયાન 'મનૂવર / દાવપેચ' **(Maneuver)** કરવામાં સક્ષમ હોય છે.
- આ મિસાઈલને એવી રીતે વિકસાવવામાં આવી છે કે તે ઈન્ટરસેપ્ટર મિસાઈલને હરાવવામાં સક્ષમ છે.
- અને હવામાં ચોક્કસ રેન્જને આવરી લીધા બાદ તેનો માર્ગ બદલવાની ક્ષમતા પણ ધરાવે છે.
- તે ઘન પ્રોપેલન્ટ રોકેટ મોટર અને ઘણી નવી ટેકનોલોજી દ્વારા સંચાલિત છે.
- મિસાઈલ માર્ગદર્શન પ્રણાલીમાં અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમ અને સંકલિત એવિઓનિકસનો સમાવેશ થાય છે.

### મિસાઈલની પૃષ્ટભૂમિ

તે 'પ્રહાર' (Prahaar) મિસાઈલ પ્રોગ્રામમાંથી લેવામાં આવી છે.

- જેનું પ્રથમ પરીક્ષણ વર્ષ **2011**માં કરવામાં આવ્યું હતું.
- પ્રહાર 150 કિલોમીટરની રેન્જ ધરાવતી સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઈલ છે.

### રેન્જ

પ્રલય મિસાઈલની રેન્જ **150થી 500** કિલોમીટર સુધીની છે.

- આ મિસાઈલ મોબાઈલ લોન્ચરથી પણ લોન્ચ કરી શકાય છે.
- પ્રલય સૈન્યની ઈન્વેન્ટરીમાં સૌથી લાંબી રેન્જની સપાટીથી સપાટી સુધીની મિસાઈલ હશે.
- નોંધનીય છે કે સૈન્ય પાસે તેના શસ્ત્રાગારમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ પણ છે, જેની રેન્જ 290 કિમી.થી વધુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્ત્વ

તે વ્યૂહાત્મક યુદ્ધક્ષેત્રની ગતિશીલતાને સંપૂર્ણપણે બદલી નાખશે અને ભારત પાસે બે લાંબા અંતરની પરંપરાગત મિસાઈલો હશે.

- 'બ્રહ્મોસ' ક્રૂઝ મિસાઈલનો વિકલ્પ હશે, જ્યારે 'પ્રલય' બેલિસ્ટિક મિસાઈલનો વિકલ્પ હશે.

## બેલિસ્ટિક મિસાઈલ અને ક્રૂઝ મિસાઈલ વચ્ચેનો તફાવત

| બેલિસ્ટિક મિસાઈલ | ક્રૂઝ મિસાઈલ |
|---|---|
| બેલિસ્ટિક મિસાઈલ પ્રક્ષેપણની ગતિ અને માર્ગમાં મુસાફરી ગુરુત્વાકર્ષણ, હવા પ્રતિકાર અને કોરિઓલિસ બળ પર આધારિત છે. | તે ગતિ માટે પ્રમાણમાં સીધા માર્ગને અનુસરે છે. |
| તે પૃથ્વીના વાતાવરણને છોડીને ફરીથી તેમાં પ્રવેશ કરે છે. | તેનો ઉડાનનો માર્ગ પૃથ્વીના વાતાવરણની અંદર છે. |
| લાંબા અંતરની મિસાઈલો છે (300 કિમી.થી 12000 કિમી.) | શોર્ટ રેન્જ મિસાઈલ છે (1000 કિમી. સુધીની રેન્જ) |
| ઉદાહરણ :<br>પૃથ્વી-1, પૃથ્વી-2, અગ્નિ-1, અગ્નિ-2 અને ધનુષ મિસાઈલો | ઉદાહરણ :<br>બ્રહ્મોસ મિસાઈલ |

## રમના કાલી મંદિર : બાંગ્લાદેશ

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રમના, ઢાકા (બાંગ્લાદેશ)માં જીર્ણોદ્ધાર કરાયેલ રમના કાલી મંદિરનું ઉદ્ઘાટન કર્યુ હતું.

- અહિંયા ઐતિહાસિક સુહરાવર્દી ઉદ્યાન (ભૂતપૂર્વ રમણ રેસકોર્સ) આવેલું છે.
- નવીનીકરણ કરાયેલ આ મંદિરનું ઉદ્ઘાટન મુક્તિ સંગ્રામ અથવા મુક્તિ યુદ્ધમાં બાંગ્લાદેશ અને ભારતની જીતની 50મી વર્ષગાંઠ સાથે એકરૂપ છે.
- જે બંને પક્ષો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની સુવર્ણ જયંતિ પણ દર્શાવે છે.
- માર્ચ 1971માં ઓપરેશન સર્ચલાઈટ દરમિયાન પાકિસ્તાની સેના દ્વારા મંદિરનો નાશ કરવામાં આવ્યો હતો અને ક્રૂર કાર્યવાહીને કારણે નરસંહાર અને બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ થયું હતું.
- પાકિસ્તાનમાંથી મુક્ત થયા પછી બાંગ્લાદેશના લોકોએ પ્રાર્થના કરવા માટે આ સ્થળે એક નાનું મંદિર પણ સ્થાપિત કર્યુ હતું.
- વર્ષ 2017માં પરિસરના પુનઃનિર્માણની જાહેરાત કરવામાં આવી હતી.
- ઐતિહાસિક રમના કાલી મંદિર એ ભારત અને બાંગ્લાદેશના લોકો વચ્ચેના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક બંધનનું પ્રતીક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રમના કાલિ મંદિર વિશે

દેવી કાલીને સમર્પિત આ મંદિરનું નિર્માણ મુઘલકાળમાં થયું હોવાનું માનવામાં આવે છે.

- આ મંદિરને 400 વર્ષ જૂનું હોવાનું માનવામાં આવે છે જોકે કહેવું મુશ્કેલ છે કે તેને કયા વર્ષમાં બનાવવામાં આવ્યું હતું.
- આ મંદિર એક હિંદુ સંપ્રદાય દ્વારા બનાવવામાં આવ્યું હતું. પરંતુ આ મંદિર કોણે બનાવ્યું હશે તે ઓળખવું મુશ્કેલ છે.
- એક મળતી માહિતી મુજબ એવું કહી શકાય છે કે તે ચોક્કસ પણે શ્રી હરિચરણ ગિરી દ્વારા બનાવવામાં આવ્યું હતું. જે મંદિરના મહંત હતા.
- તે ઢાકેશ્વરી મંદિર પછી બાંગ્લાદેશનું સૌથી જૂનું બીજું હિન્દુ મંદિર છે.
- 20મી સદીની શરૂઆતમાં જ્યારે પ્રખ્યાત સંત મા આનંદમયીએ તેમનો આશ્રમ પરિસરમાં બનાવ્યો ત્યારે મંદિરને મહત્ત્વ મળ્યું હતું.

## દિલ્હીમાં પ્રથમ શિક્ષક યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે

20 ડિસેમ્બર 2021ના રોજ દિલ્હી કેબિનેટે 'દિલ્હી શિક્ષક યુનિવર્સિટી'ની સ્થાપનાને મંજૂરી આપી છે.

- આ અંગે જાહેરાત કરતા દિલ્હીના મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ યુનિવર્સિટીનો ઉદ્દેશ્ય સારી રીતે પ્રશિક્ષિત અને લાયક શિક્ષકો તૈયાર કરવાનો છે.
- આ યુનિવર્સિટી ધોરણ 12 પછી ચાર વર્ષનો સંકલિત શિક્ષણ કાર્યક્રમ (Teacher Education Programme) રજૂ કરશે.
- BA અને B.Ed, BSc અને B.Ed તથા B.com અને B.Ed કોર્સ આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવશે.
- આ અભ્યાસક્રમોને અનુસરીને યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનારાઓને તાલીમ હેતુઓ માટે દિલ્હીની સરકારી શાળાઓ પણ સાથે જોડવામાં આવશે.
- દિલ્હી શિક્ષક યુનિવર્સિટી જાહેર યુનિવર્સિટી હશે તે વિવિધ શાળાના તબક્કાઓમાં દિલ્હી માટે ઉત્તમ ગુણવત્તાયુક્ત શિક્ષકો તૈયાર કરવા માટે સમર્પિત હશે.
- નવી યુનિવર્સિટીમાં શૈક્ષણિક સત્ર 2022-23 માટે પ્રવેશ શરૂ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં કયો દિવસ 'કિસાન દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 21 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 24 ડિસેમ્બર

(C)

2. ભારતમાં કોનો જન્મ દિન 'કિસાન દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી અટલ બિહારી વાજપેઈ (B) શ્રી જયપ્રકાશ નારાયણ

(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી ચૌધરી ચરણસિંહ

(D)

3. 'ઈન્ડિયાઝ ઈકોનોમિક પોલિસી–ધ ગાંધિયન બ્લુપ્રિન્ટ' પુસ્તકના લેખક કોણ છે ?

(A) શ્રી ચૌધરી ચરણસિંહ (B) ડો. મનમોહન સિંહ

(C) શ્રી અરૂણ જેટલી (D) શ્રી પી. ચિદમ્બરમ્

(A)

4. તાજેતરમાં DRDOએ 'પ્રલય મિસાઈલ' (Pralay Missile)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) પ્રલય એ ભારતની પ્રથમ પરંપરાગત અર્ધ–બેલિસ્ટિક મિસાઈલ છે.

(B) પ્રલય મિસાઈલની રેન્જ 150થી 500 કિલોમીટર સુધીની છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

(C)

5. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જીર્ણોદ્ધાર કરાયેલ 'રમના મંદિર'નું ઉદ્દઘાટન કર્યુ હતું. આ મંદિર કયા દેશમાં સ્થિત છે ?

(A) બાંગ્લાદેશ (B) કેનેડા (C) નેપાળ (D) શ્રીલંકા

(A)

6. તાજેતરમાં.............ખાતે પ્રથમ શિક્ષક યુનિવર્સિટી સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે.

(A) દિલ્હી (B) અમદાવાદ (C) લખનૌ (D) જયપુર

(A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન (National Consumer Day)




ભારતમાં દર વર્ષે 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.

- ભારતમાં Consumer Protection Act, 1986 (અથવા તો ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986)ના અમલને ભારતની ગ્રાહક સુરક્ષા ચળવળમાં ઐતિહાસિક સિમાચિહ્ન માનવામાં આવે છે.
- ભારતમાં ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986ને રાષ્ટ્રપતિ દ્વારા 24 ડિસેમ્બર, 1986ના રોજ મંજૂરી આપવામાં આવી હતી.
- આથી આ એક્ટને 24 ડિસેમ્બરના રોજ મંજૂરી મળી હોવાથી ભારતમાં 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.
- વર્ષ 2021ની 'રાષ્ટ્રીય ગ્રાહક દિવસ'ની થીમ 'Tackling Plastic Pollution' છે.

નોંધ : (1) રાષ્ટ્રીય ગ્રાહક દિનને 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ' (National Consumer Right Day) તરીકે પણ ઉજવાય છે.

(2) ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' 24 ડિસેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ ગ્રાહક દિવસ' 15 માર્ચના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કાર્ડ-ઓન-ફાઇલ ટોકનાઈઝેશન (COF)

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ નવા ક્રેડિટ અને ડેબિટ કાર્ડ ડેટા સ્ટોરેજ ધોરણો અથવા કાર્ડ–ઓન–ફાઈલ ટોકનાઈઝેશન (COF)ના અમલીકરણ માટેની સમયમર્યાદા છ મહિના વધારીને 30 જૂન, 2022 કરી છે.

- ડિજિટલ પેમેન્ટ કંપનીઓ, વેપારી સંસ્થાઓ અને બેંકોએ વ્યવસાયિક વ્યવહારોમાં વિક્ષેપના ભય વચ્ચે સિસ્ટમને એકિકૃત કરવા તમામ હિતધારકોને જોડવા માટે વધુ સમય માગ્યો હતો.
- સપ્ટેમ્બર 2021માં રિઝર્વ બેંકે 1 જાન્યુઆરી, 2022થી તેના સર્વર પર ગ્રાહક કાર્ડની વિગતો સંગ્રહિત કરવા માટે પ્રતિબંધ કર્યો હતો અને કાર્ડ સ્ટોરેજના વિકલ્પ તરીકે COF ટોકન્સ અપનાવવાનું ફરજિયાત બનાવ્યું હતું.
- ટોકનાઈઝેશન એ 'ટોકન' તરીકે ઓળખના વૈકલ્પિક કોડ સાથે વાસ્તવિક ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ વિગતોને બદલવાનો સંદર્ભ આપે છે, જે કાર્ડ, ટોકન વિનંતીકર્તા અને ઉપકરણના સંયોજન માટે અનન્ય હશે.
- ટોકનાઈઝ્ડ કાર્ડ વ્યવહારોને સુરક્ષિત ગણવામાં આવે છે, કારણ કે વ્યવહારની પ્રક્રિયા દરમિયાન વાસ્તવિક કાર્ડની વિગતો વેપાર સાથે શેર કરવામાં આવતી નથી.

## કાર્ડ-ઓન-ફાઈલ (COF)

**COF એ એક <u>વ્યવહાર</u> છે જ્યાં વેપારીને કાર્ડધારકના માસ્ટરકાર્ડ અથવા વિઝા ચુકવણીની વિગતો સંગ્રહિત કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.**

- **કાર્ડધારક પછી તેજ વેપારીને સંગ્રહિત માસ્ટરકાર્ડ અથવા વિઝા ખાતામાંથી બિલ આપવા માટે અધિકૃત કરે છે.**
- **ઈ–કોમર્સ કંપનીઓ અને એરલાઈન્સ અને સુપરમાર્કેટ ચેઈન સામાન્ય રીતે તેમની સિસ્ટમમાં કાર્ડની વિગત સ્ટોર કરે છે.**



1. ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' અથવા તો 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ડિસેમ્બર (B) 23 ડિસેમ્બર (C) 24 ડિસેમ્બર (D) 25 ડિસેમ્બર **(C)**

2. 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન' ક્યારે ઉજવાય છે ?

(A) 24 ડિસેમ્બર (B) 25 ડિસેમ્બર (C) 15 જુલાઈ (D) 15 માર્ચ **(D)**

3. 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' 2021ની થીમ શું છે ?

(A) Tackling Plastic Pollution

(B) Alternate Consumer Grievance / Dispute Redressal

(C) Sustainable Consumer

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ નવા ક્રેડિટ અને ડેબિટ કાર્ડ ડેટા સ્ટોરેજ ધોરણો અથવા કાર્ડ–ઓન–ફાઈલ ટોકનાઈઝેશન (COF)ના અમલીકરણ માટેની સમયમર્યાદા વધારીને........સુધી કરી છે.

(A) 30 જૂન, 2022 (B) 30 જૂન, 2023 (C) 30 જૂન, 2024 (D) 30 જૂન, 2025 **(A)**

## દિવસ મહિમા : 25 ડિસેમ્બર, સુશાસન દિવસ (Good Governance Day)

ભારતમાં દર વર્ષે 25 ડિસેમ્બરના રોજ 'સુશાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- ભારતમાં પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈની યાદમાં તેમનો જન્મદિન 25 ડિસેમ્બર 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે.
- શ્રી અટલ બિહારી વાજપેઈનો જન્મ 25 ડિસેમ્બર, 1924ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતે થયો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા વર્ષ 2014થી 'સુશાસન દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### શ્રી અટલ બિહારી વાજપેઇ

તેઓ પ્રથમ વખત 16 મે, 1996ના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા.

- આ સમયે તેઓ ઉત્તરપ્રદેશના લખનૌ અને ગુજરાતના ગાંધીનગર મતક્ષેત્રમાંથી લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- જોકે ત્યારબાદ તેમણે ગાંધીનગર મતક્ષેત્રમાંથી રાજીનામું આપ્યું હતું.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી ભારતના 10મા વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી વડાપ્રધાન તરીકે પાંચ વર્ષની ટર્મ પુરી કરનાર પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજીએ NDA (National Democratic Alliance) નામના ગઠબંધનના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- NDA ગઠબંધનના તેઓ પ્રથમ વડાપ્રધાન હતા.
- તેઓ લોકસભાના સભ્ય તરીકે 10 વખત ચૂંટાયા હતા. અને બે વખત રાજ્યસભાના સાંસદ રહ્યા હતા.
- અલગ–અલગ સામાન્ય ચૂંટણીઓમાં અલગ–અલગ ચાર રાજ્યોમાંથી કુલ છ લોકસભા બેઠકો પર વિજેતા બનનાર તેઓ એકમાત્ર સાંસદ હતા.
- તેઓ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત અને દિલ્હીમાંથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- છેલ્લે તેઓ 2009 સુધી ઉત્તરપ્રદેશની લખનૌ લોકસભા બેઠકના સભ્ય હતા.
- તેમને વર્ષ 2015માં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી દ્વારા ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન એનાયત થયો હતો.

### વડાપ્રધાન તરીકે મહત્ત્વની કામગીરી

શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ભારતના વડાપ્રધાન તરીકે અનેક મહત્ત્વના કાર્યો કર્યા હતા. તેમાંથી તેમના ખૂબ જ અગત્યના કાર્યો આ પ્રમાણે છે :

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પરમાણુ પરીક્ષણ

તેમના નેતૃત્વ હેઠળ 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળનામ : ઓપરેશન શક્તિ-98) અંતર્ગત પરમાણુ બોમ્બનું બીજું સફળ પરીક્ષણ કર્યું હતું. આ પરમાણુ પરીક્ષણને 'પોખરણ-II' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના

ભારતના ચાર મોટા શહેરો દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતાને હાઈવે નેટવર્ક દ્વારા જોડવા માટે 'સ્વર્ણિમ ચતુર્ભુજ' યોજનાની શરૂઆત કરી.

## દિલ્હી-લાહોર બસ સેવા

પાકિસ્તાન સાથે સબંધો સુધારવા માટે 19 ફેબ્રુઆરી, 1999ના રોજ 'સદા–એ–સરહદ'ના નામથી દિલ્હીથી પાકિસ્તાનના લાહોર સુધી બસ સેવાનો પ્રારંભ કર્યો.

- આ બસ સેવાનું ઉદ્દઘાટન કરીને બસના પ્રથમ યાત્રી તરીકે તેઓ જાતે જ બસમાં બેસીને દિલ્હીથી લાહોર ગયા હતા.

## કારગીલ યુદ્ધમાં વિજય

ભારત–પાકિસ્તાન વચ્ચે થયેલા કારગીલ યુદ્ધમાં 26 જુલાઈ, 1999ના રોજ ભારતીય સેનાએ પાકિસ્તાનને પરાજય આપ્યો.

## 14 વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણ

ભારતમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'સર્વ શિક્ષા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી.

- 2001માં શરૂ કરવામાં આવેલી આ યોજના અંતર્ગત 6 થી 14 વર્ષ સુધીના બાળકોને મફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી.
- અને આ ઉપરાંત તેને મૌલિક અધિકાર બનાવવામાં આવ્યો.

## ચંદ્રયાન-1

15 ઓગસ્ટ, 2003ના રોજ લાલ કિલ્લા પરથી દેશને સંબોધિત કરતા શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ચંદ્રયાન-1 પ્રોજેક્ટની જાહેરાત કરી.

- આ અંતર્ગત 22 ઓક્ટોબર, 2008ના રોજ શ્રી હરિકોટા ખાતેથી 'ચંદ્રયાન-1' લોન્ચ કરવામાં આવ્યું.

## દૂરસંચાર ક્રાંતિ

દૂરસંચાર ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે ટેલિકોમ કંપનીઓ માટે ફિક્સ્ડ લાઈસન્સની ફી નાબૂદ કરીને 'રેવન્યુ શેરિંગ'ની વ્યવસ્થા શરૂ કરી.

- 1 ઓક્ટોબર, 2000ના રોજ BSNLની સ્થાપના કરવામાં આવી.
- નવી ટેલિકોમ નીતિ જાહેર કરી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સદૈવ અટલ

25 ડિસેમ્બર, 2018ના રોજ નવી દિલ્હી ખાતે 'ભારત રત્ન' શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધિ 'સદૈવ અટલ' રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે.

- નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર 'સદૈવ અટલ' નામનું આ સમાધિ સ્થળ બનાવવામાં આવ્યું છે.
- આ સમાધિના પ્લેટફોર્મ પર બ્લેક ગ્રેનાઈટ પથ્થરના નવ ચોરસ બોકસ છે. તેની મધ્યમાં 'દીવા'ની પ્રતિકૃતિ છે.
- આ નવ નંબર નવરાસ, નવરાત્ર અને નવગ્રહનું પ્રતિનિધિત્વ કરે છે.
- આ સમાધિનું નિર્માણ રૂ. 10.51 કરોડના ખર્ચે 'અટલ સ્મૃતિ ન્યાસ સોસાયટી' દ્વારા કરાવવામાં આવ્યું છે.
- આ સમાધિના નિર્માણ માટે દેશના વિવિધ ભાગોમાંથી લાવવામાં આવેલા પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- જેમાં સમાધિનો મુખ્ય પથ્થર તેલંગણાની ખમ્મમની પ્રસિદ્ધ ખાણમાંથી લાવવામાં આવ્યો છે.

# સુશાસન સપ્તાહ 2021 (Good Governance Week)

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય હેઠળના વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદો (DARPG) વિભાગ દ્વારા 20-25 ડિસેમ્બર દરમિયાન 'સુશાસન સપ્તાહ 2021'ની ઉજવણી કરવામાં આવી હતી.

- સુશાસન સપ્તાહનું આયોજન વિદેશ મંત્રાલય અને પંચાયતી રાજ અને ગ્રામીણ વિકાસ મંત્રાલયના સહયોગથી કરવામાં આવ્યું હતું.
- તે આઝાદી કા અમૃત મહોત્સવના એક ભાગરૂપે ઉજવવામાં આવ્યું છે.
- આ પ્રસંગે ગુડ ગવર્નન્સ વીક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
- નાગરિક કેન્દ્રિત થવાના ઉદ્દેશ્ય સાથે 'પ્રશાસન ગાંવ કી ઓર' નામના અભિયાન હેઠળ આ સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## થીમ

સુશાસન સપ્તાહનું આયોજન 'પ્રશાસન ગાંવ કી ઓર' થીમ હેઠળ કરવામાં આવ્યું હતું.

## સુશાસન સપ્તાહ

સુશાસન સપ્તાહની ઉજવણી દરમિયાન ભારતના તમામ જિલ્લાઓ, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં જાહેર ફરિયાદોના નિવારણ અને સેવા વિતરણમાં સુધારો કરવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

- નોંધનીય છે કે આ અભિયાનમાં 700થી વધુ જિલ્લા કલેકટરે ભાગ લીધો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં 'સુશાસન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 ડિસેમ્બર (B) 24 ડિસેમ્બર (C) 25 ડિસેમ્બર (D) 26 ડિસેમ્બર (C)

2. ભારતમાં કોનો જન્મ દિવસ 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (B) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક

(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી અટલ બિહારી વાજેપઈ (D)

3. ભારતમાં શ્રી અટલ બિહારી વાજેપઈના જન્મ દિવસને 'સુશાસન દિવસ' તરીકે ઉજવવાનો પ્રારંભ કયારથી થયો હતો ?

(A) 2013 (B) 2014 (C) 2015 (D) 2016 (B)

4. ભારતમાં નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર આવેલી શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધીનું નામ શું છે ?

(A) અટલ ઘાટ (B) અટલ સ્મૃતિ (C) સદૈવ અટલ (D) અમર અટલ (C)

5. ભારતમાં 'સુશાસન સપ્તાહ–2021'ની ઉજવણી કયા સમય દરમિયાન કરવામાં આવી હતી ?

(A) 20થી 25 ડિસેમ્બર (B) 15થી 22 ડિસેમ્બર

(C) 25થી 31 ડિસેમ્બર (D) 18થી 25 ડિસેમ્બર (A)

6. તાજેતરમાં કઈ થીમ હેઠળ 'સુશાસન સપ્તાહ-2021'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) સુશાસન અને કોવિડ-19 (B) પ્રશાસન દેશ કી ઓર

(C) પ્રશાસન ગાંવ કી ઓર (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **થોરાસીક એન્ડોસ્કોપી કોન્ફરન્સ ટેસ્કોન-2020**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં 'થોરાસિક એન્ડોસ્કોપી સોસાયટીની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ–ટેસ્કોન 2020'નું ઉદ્દઘાટન કર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે પલ્મોનોલોજિસ્ટ, ચેસ્ટ ફિઝીશિયન, થોરાકીક સર્જન સહિતના તબીબી જગતે કોરોનાકાળમાં સમગ્ર માનવ સમાજની ઈશ્વરીય સેવા કરી છે. વર્ષ 2012માં સ્થપાયેલી આ સોસાયટીની આ પાંચમી નેશનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીએ ઉત્કૃષ્ટ સારવાર સેવા માટે બે વરિષ્ટ તબીબો રાજસ્થાનના શ્રી વિક્રમ જૈન અને લખનૌના શ્રી રાજેન્દ્ર પ્રસાદને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા હતા.

## ભારત

➤ **શ્રી પ્રદિપ કુમાર રાવત**

તાજેતરમાં વરિષ્ઠ રાજદ્વારી શ્રી પ્રદિપ કુમાર રાવતને ચીનમાં ભારતના નવા રાજદૂત તરીકે નિયુક્ત કર્યા છે. પૂર્વ લદાખમાં ભારત અને ચીનની સરહદ પર તણાવ વચ્ચે તેમની નિમણૂકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ભારતીય વિદેશી સેવાના 1990ની બેચના અધિકારી શ્રી પ્રદિપ કુમાર રાવત હાલમાં નેધરલેન્ડમાં ભારતીય રાજદૂત તરીકે સેવા આપી રહયા છે. તેઓ શ્રી વિક્રમ મિસરીની જગ્યા લેશે. તેમણે સપ્ટેમ્બર 2017થી ડિસેમ્બર 2020 સુધી ઈન્ડોનેશિયા અને તિમોર–લેસ્ટેમાં રાજદૂત તરીકે સેવા આપી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **મહારાષ્ટ્ર : કેનાઈન પેરવોવાયરસથી પ્રભાવિત કૂતરાઓ**

નવેમ્બર 2021માં અમરાવતી શહેરમાં લગભગ 2000 પાલતુ અને રખડતા કૂતરાઓ 'કેનાઈન પેરવોવાયરસ' (Canine Parvovirus)થી પ્રભાવિત થયા હતા. પશુચિકિત્સકોએ પણ પાલતુ કૂતરા માલિકોને ગંભીર રોગચાળા સામે ચેતવણી આપી છે. તે એક અત્યંત ચેપી વાયરલ રોગ છે જે કુતરા માટે જીવલેણ બની શકે છે. આ વાયરસ કૂતરાઓના આંતરડાના માર્ગને અસર કરે છે. નાના કૂતરાઓ આ વાયરસ માટે વધુ સંવેદનશીલ હોય છે પેરવોવાયરસ ચેપગ્રસ્ત કૂતરાઓને સંભાળતા લોકોના હાથ અને કપડા જેવા દૂષિત પદાર્થ સાથે સંપર્ક દ્વારા ફેલાય છે.

➤ **NCC દ્વારા રચિત 'રાષ્ટ્રીય એકતા ગીત' લોન્ચ કરવામાં આવ્યું**

સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે તાજેતરમાં 'રાષ્ટ્રીય એકતા ગીત' (Rashtriy Ekta Geet) લોન્ચ કર્યું હતું. જે નેશનલ કેડેટ કોર્પ્સના કેડેટ્સ દ્વારા રચિત હતું. રાષ્ટ્રીય એકતા ગીત 22 ભાષાઓમાં રચવામાં આવ્યું છે. તે રાષ્ટ્રીય એકતાની થીમ પર આધારિત છે. તે વિજય સિરીઝ અને મહાસંગમ ઓફ કલ્ચર્સના ગ્રાન્ડ ફિનાલેમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. NCC દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે નવી દિલ્હીમાં આ મેગા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન 'સંસ્કૃતિના મહાસંગમ' સાથે સમાપ્ત થયું છે, જેમાં પસંદગીના NCC કેડેટ્સ ભેગા થયા હતા અને તેમનો સહિયારો સાંસ્કૃતિક વારસો પ્રદર્શિત કર્યો હતો.

➤ **ઓડિશાના મુખ્યમંત્રીએ મહાનદી પરના ઓડિશા રાજ્યના સૌથી લાંબા પુલનું ઉદ્ઘાટન કર્યું**

20 ડિસેમ્બર, 2021ના રોજ ઓડિશાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકે મહાનદી પર ટી–સેતુ (T-Setu)નું ઉદ્ઘાટન કર્યું હતું. ટી–સેતુ એ ઓડિશા રાજ્યનો સૌથી લાંબો પુલ છે, જે કટક જિલ્લામાં મહાનદી પર બનેલો છે. તે 3.4 કિ.મી. લાંબો અને 7.5 મીટર પહોળો પુલ છે. આ પુલ બડમ્બામાં ગોપીનાથપુરને બાકીના બેડેશ્વરને સિંહનાથ પીઠ સાથે જોડે છે. આ પુલ અંગ્રેજી અક્ષર Tના આકારમાં બનાવાવમાં આવ્યો છે. આ બ્રિજની કુલ કિંમત 111 કરોડ રૂપિયા છે. ટી–સેતુ બ્રિજની બંને બાજુ ફૂટપાથ છે. તેની પહોળાઈ 1.5 મીટર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **CCIએ ટાટા સન્સ (Tata Sons) દ્વારા એર ઈન્ડિયાના અધિગ્રહણને મંજૂરી આપી**

20 ડિસેમ્બર, 2021ના રોજ ટાટા સન્સની સંપૂર્ણ માલિકીની પેટા કંપની ટેલેસ દ્વારા એર ઈન્ડિયા, એર ઈન્ડિયા SATS એરપોર્ટ અને એર ઈનિડયા એક્સપ્રેસના અધિગ્રહણ માટે 'ભારત પ્રતિસ્પર્ધા આયોગે' (CCI)એ મંજૂરી આપી છે. હાલમાં એર ઈન્ડિયાની સંપૂર્ણ માલિકી સરકાર પાસે છે. એર ઈન્ડિયા, AIXL સાથે મુખ્યત્વે ડોમેસ્ટિક શેડ્યુલ્ડ એર પેસેન્જર ટ્રાન્સપોર્ટ સર્વિસ, એર કાર્ગો ટ્રાન્સપોર્ટ સર્વિસ અને ઈન્ટરનેશનલ શેડ્યુલ એર પેસેન્જર ટ્રાન્સપોર્ટ સર્વિસ, એર કાર્ગો ટ્રાન્સપોર્ટ સર્વિસ પ્રદાન કરવાના વ્યવસાયમાં સંકળાયેલી છે. એર ઈન્ડિયા SATS એરપોર્ટ સર્વિસીસ દિલ્હી, હૈદરાબાદ, બેંગાલુરુ, મેંગલુરુ અને તિરુવનંતપુરમના એરપોર્ટ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ સેવાઓ પુરી પાડે છે આ ઉપરાંત તે બેંગલુરુ એરપોર્ટ પર કાર્ગો હેન્ડલિંગ સેવાઓ પણ પૂરી પાડે છે. ટાટા જૂથે ઓક્ટોબર 2021માં એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને AISATSમાં કેન્દ્રનો હિસ્સો ખરીદવા કેન્દ્ર સરકાર સાથે શેર ખરીદી કરાર કર્યો હતો.

➤ **ભારતમાં મસાલા ક્ષેત્ર**

તાજેતરમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીએ 'સ્પાઈસ સ્ટેટિસ્ટિક્સ એટ અ ગ્લાન્સ 2021' પુસ્તકનું વિમોચન કર્યુ હતું. આ પુસ્તક વર્ષ 2014-15થી વર્ષ 2020-21 સુધીના છેલ્લા સાત વર્ષો દરમિયાન દેશમાં મસાલાના ઉત્પાદનમાં થયેલા વધારા પર પ્રકાશ પાડે છે. ભારત વિશ્વમાં મસાલાનો સૌથી મોટો ઉત્પાદક, ઉપભોક્તા અને નિકાસકાર છે.

➤ **આર્મી સિક્યોર ઈન્ડિજિનસ મેસેજિંગ એપ્લિકેશન**

ભારતીય સેનાએ આધુનિક મેસેજિંગ એપ્લિકેશન 'આર્મી સિક્યોર ઈન્ડિજિનસ મેસેજિંગ એપ્લિકેશન (ASIGMA) લોન્ચ કરી છે. તે નવી પેઢીની આધુનિક વેબ આધારિત એપ્લિકેશન છે. તેને આર્મીના સિગ્નલ કોર્પ્સના અધિકારીઓના જૂથ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. છેલ્લા 15 વર્ષથી કાર્યરત 'આર્મી વાઈડ એરિયા નેટવર્ક મેસેજિંગ (AWAN) એપ્લિકેશનની જગ્યાએ તૈનાત કરવામાં આવી રહયું છે.

## વિશ્વ

➤ **શ્રી ગેબ્રિયલ બોરિક ચિલીના આગામી રાષ્ટ્રપતિ બનશે**

19 ડિસેમ્બર, 2021ના રોજ શ્રી ગેબ્રિયલ બોરિકને ચિલીના આગામી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા છે. શ્રી ગ્રેબિયલ બોરિકની 56 ટકા વોટ સાથે જીત થઈ છે. તેઓ માર્ચ 2014થી ચિલિના ચેમ્બર ઓફ ડેપ્યુટિઝના સભ્ય હતા. વર્ષ 2013ની સામાન્ય ચૂંટણીમાં તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ 2021માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. ચિલી દક્ષિણ અમેરિકાના પશ્ચિમ ભાગમાં આવેલો દેશ છે. આ દેશ એન્ડીઝ પેસિફિક મહાસાગર વચ્ચે લાંબી સાકડી પટ્ટી પર સ્થિત છે. સેન્ટિયાગો દેશની રાજધાની તેમજ સૌથી મોટું શહેર છે. સ્પેનિશ એ ચિલિની રાષ્ટ્રીય ભાષા છે.

➤ **ચીનમાં 66 વર્ષ મિલિયન વર્ષ જૂનું ડાયનાસોરનું ભૃણ મળ્યું**

દક્ષિણ ચીનના ગાન્ઝોઉમાં 66 વર્ષ મિલિયન વર્ષ જૂનું ડાયનાસોરનું ભૃણ મળી આવ્યું છે. આ ભૃણ અથવા ગર્ભ દાંત વગરનો થેરોપોડ ડાયનાસોર અથવા એવિરાપ્ટોરોસૌર હોવાનું માનવામાં આવે છે. તેનું નામ બેબી યિંગલિયાંગ રાખવામાં આવ્યું છે. આ ગર્ભની શોધથી ડાયનાસોર અને આધુનિક પક્ષીઓ વચ્ચેની કડી વિશે વધુ સમજણ પડી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE ? Questions

- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે...........માં 'થોરાસિક એન્ડોસ્કોપી સોસાયટીની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ – ટેસ્કોન 2020'નું ઉદ્દઘાટન કર્યુ હતું. – ગાંધીનગર
- શ્રી ગેબ્રિયલ બોરિકને કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા છે ? – ચીલી
- તાજેતરમાં કોને ચીનમાં ભારતના નવા રાજદૂત તરીકે નિયુક્ત કર્યા છે ? – શ્રી પ્રદિપ કુમાર રાવત
- તાજેતરમાં મહારાષ્ટ્રના અમરાવતીમાં લગભગ 2000 કૂતરાઓ...........વાયરસથી પ્રભાવિત થયા હતા. – કેનાઈન પેરવોવાયરસ
- તાજેતરમાં...............દ્વારા રચિત 'રાષ્ટ્રીય એકતા ગીત' શ્રી રાજનાથસિંહે લોન્ચ કર્યુ હતું. – NCC
- તાજેતરમાં ઓડિશાના મુખ્યમંત્રીશ્રી એ મહાનદી પર સૌથી લાંબા પુલનું ઉદ્દઘાટન કર્યુ છે. તેનું નામ જણાવો ? – ટી–સેતુ
- તાજેતરમાં કોણે ટાટા સન્સ દ્વારા એર ઈન્ડિયાના અધિગ્રહણને મંજૂરી આપી છે ? – ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ (CCI)
- તાજેતરમાં ચર્ચા રહેલ કયું પુસ્તક વર્ષ 2014-15 થી વર્ષ 2020-21 સુધીના છેલ્લા સાત વર્ષો દરમિયાન દેશમાં મસાલાના ઉત્પાદનમાં થયેલા વધારા પર પ્રકાશ પાડે છે ? – સ્પાઈસ સ્ટેટિસ્ટિક્સ એટ અ ગ્લાન્સ 2021
- કયા દેશમાંથી 66 વર્ષ મિલિયન વર્ષ જૂનું ડાયનાસોરનું ભ્રૂણ મળી આવ્યું છે ? – ચીન
- ભારતીય સૈન્યએ તાજેતરમાં ASIGMA એપ લોન્ચ કરી છે. તેનું પૂરું નામ જણાવો ? – આર્મી સિક્યોર ઈન્ડિજિનસ મેસેજિંગ એપ્લિકેશન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. ઈન્ટરનેટ આધારિત પ્લેટફોર્મ વિહંગમ (VIHANGAM) કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – ખાણકામ

2. તાજેતરમાં ફિલિપાઈન્સમાં કયું વાવાઝોડુ ત્રાટક્યું હતું ? – રાય (Typhoon Rai)

3. કોવોવેક્સ (Covovax)નું ઉત્પાદન સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કઈ રસીના લાયસન્સ હેઠળ કરવામાં આવે છે ? – નોવોવેક્સ રસી

(તાજેતરમાં WHOએ ભારતમાં નિર્મિત કોરોના વાયરસ રસી Covovaxને ઈમર્જન્સી મંજૂરી આપી છે. આ રસી યુ.એસ સ્થિત નોવોવેક્સના લાયસન્સ હેઠળ સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવી છે.)

4. કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI)એ તાજતેરમાં કઈ કંપની પર 202 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે ? – અમેઝોન

5. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કયા દેશે નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (NATO)ને એક ડ્રાફ્ટ કરાર પ્રકાશિત કર્યો છે ? – રશિયા

6. 18મી ડિસેમ્બર કયા ભાષા દિવસ ઉજવવામાં આવે છે ? – અરબી

7. ..................એ લોજિસ્ટિક્સ માટે Logixtics હેકાથોન શરૂ કર્યુ છે. – DPIIT

(ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) એ લોજિસ્ટિકસ ઉદ્યોગના લાભ માટે વધુ વિચારોને ક્રાઉડસોર્સ કરવા માટે 'Logixtics' નામનું યુનિફાઈડ લોજિસ્ટિકસ ઈન્ટરફેસ પ્લેટફોર્મ (ULIP) હેકાથોન ચાલુ કર્યુ છે.)

8. ભારતીય નૌકાદળના સ્વદેશી સ્ટીલ્થ વિનાશકનું નામ શું છે, જેની પ્રથમ સમુદ્રી ટ્રાયલ તાજેતરમાં હાથ ધરવામાં આવી હતી ? – મોરમુગાવ

9. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના પ્રથમ ખાનગી યાત્રી યુસાકુ મેઝાવા (Yusaku Maezawa)ને તાજેતરમાં કઈ અવકાશ એજન્સીએ લોન્ચ કર્યા હતા ? – રોસ્કોસમોસ

(8 ડિસેમ્બરે રશિયન અવકાશ એજન્સી રોસ્કોસમોસ દ્વારા જાપાનના અરબપતિ યુસાકુ માએઝાવાને સોયુઝ અવકાશયાનમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર છોડવામાં આવ્યા હતા. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર 12 દિવસ વિતાવ્યા બાદ તે પૃથ્વી પર પરત ફર્યા છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. ભારતમાં 20થી 25 ડિસેમ્બર, 2021 સુધીનું સપ્તાહ કયા સ્વરૂપમાં ઉજવવામાં આવી રહ્યું છે ?

– સુશાસન સપ્તાહ

11. ભારતમાં 'નદી ઉત્સવ 2021' કેટલી થીમ હેઠળ ઉજવવામાં આવી રહ્યો છે ? – ચાર

(સ્વચ્છતા, દેશભક્તિ, પ્રકૃતિ અને પર્યાવરણ, ભક્તિ અને આધ્યત્મિકતાની ચાર પસંદ કેરલી થીમ હેઠળ ભારતના ઉત્તરકાશીથી કેરળ સુધીના 16 રાજ્યો અને 41 જિલ્લાઓમાં નદી ઉત્સવ ઉજવવામાં આવી રહયો છે. આ ઉત્સવનું આયોજન 16 ડિસેમ્બરથી 23 ડિસેમ્બર 2021 દરમિયાન કરવામાં આવ્યું છે.)

12. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) સમગ્ર ભારતમાં શહેરી સેવાઓની એકસેસને સુધારવા માટે..........મિલિયન ડોલરની લોન આપશે. – 350

13. શ્રી ગેબ્રિયલ બેરિક કયા દેશના સૌથી યુવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ? – ચિલી

14. બેકટેરિયાને મારવા માટે મનુષ્ય માટે હાનિકારક વાયરસનો ઉપયોગ કરતી સારવારનું નામ શું ? – ફેઝથેરાપી

15. 'મુખ્યમંત્રી કન્યા સુમંગલા યોજના' કયા રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજના છે ? – ઉત્તરપ્રદેશ

16. તાજેતરમાં ............... સરકારે ટ્રાન્સજેન્ડર માટે પોલીસમાં 1% અનામતની જાહેરાત કરી છે. – કર્ણાટક

17. ભારતમાં કઈ સંસ્થાએ 'વર્નાક્યુલર ઈનોવેશન પ્રોગ્રામ' શરૂ કર્યો છે ? – નીતિ આયોગ

18. જ્વેલરીમાં વપરાતા 'જેડ' ખનિજનું સૌથી વધુ ઉત્પાદન કરનાર કયો દેશ છે ? – મ્યાનમાર

(મ્યાનમાર જેડ (Jade)નો વિશ્વનો સૌથી મોટો સ્ત્રોત છે. તે લીલા રંગનું ખનીજ છે. જેનો ઉપયોગ ઘરેણામાં થાય છે. તાજેતરમાં મ્યાનમારમાં જેડ ખાણમાં ભૂસ્ખલન થયા પછી 100થી વધુ લોકો ગુમ થયાની આશંકા છે.)

19. તાજેતરમાં..........રાજ્યના સિલ્વર લાઈન પ્રોજેકટ સામે રાજ્યભરમાં વિરોધ પ્રદર્શનો યોજવામાં આવી રહયા છે. જે સેમી–હાઈ–સ્પીડ રેલવે પ્રોજેક્ટ છે. – કેરળ

20. તાજેતરમાં ભારતે કયા દેશને કોરોનાવાયરસ રસીના 10 લાખ ડોઝ અને માનવતાવાદી સહાયના ભાગરૂપે 10,000 ટન ચોખા અને ઘઉં આપ્યા છે ? – મ્યાનમાર

21. શક્તિ ફોજદારી કાયદા બિલ કયા રાજ્ય સાથે સંબંધિત છે ? – મહારાષ્ટ્ર

22. તાજેતરમાં સમાચારમાં રહેલ Paxlovid નામની ગોળી (Pill) કયા રોગ સામેની છે ? – Covid-19

(અમેરિકન આરોગ્ય નિયમનકારોએ Covid-19 સામેની પ્રથમ ગોળીને મંજૂરી આપી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT